
# સ્વામી વિવેકાનંદ જન્મજયંતી સંદર્ભે ગૂજરાત વિદ્યાપીઠમાં વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી અને રાષ્ટ્રીય યુવા દિવસ પર વેબીનારનો આયોજન કરવામાં આવ્યું જેમાં કોલેજના યુવા વિદ્યાર્થીઓએ કેવી રીતે સ્વામી વિવેકાનંદજીના જીવન ચરિત્રમાંથી પ્રેરણા લઈ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરી શકે તે માટેની પ્રેરણા આપવામાં આવી હતી આ વેબીનારમાં અધ્યક્ષ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના માનદ નિયામક ડૉ. રાજેન્દ્ર ભાઈ ખીમાણી સાહેબ હાજર રહ્યા હતા અને યુવા મિત્રો અને વિદ્યાર્થીઓને પોતાના જીવનમાં કેકી રીતે વિવેક પૂર્ણ વર્તન કરવું જોઈયે અને સ્વામીજીમાથી પ્રેરણા લઈ વિવિધ રચનાત્મક કાર્યક્રમો કરવા જોઈયે અને સમાજમાં નીડર, નિર્ભય અને કઠોર પરિશ્રમ કરી પોતાના રાષ્ટ્રની નિસ્વાર્થ સેવા કરવી જોઈયે વેબીનારમાં અતીથીયોના શાબ્દિક સ્વાગત સંસ્થાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ કર્યું હતું.

જયારે ગૂજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ અરુણ ભાઈ ગાંધી સાહેબે બધાજ વિધાર્થીઓને સ્વામી વિવેકાનંદજીના જન્મ દિવસ અને રાષ્ટ્રીય યુવા દિવસની શુભેચ્છા આપી હતી અને માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીના યૂથ પર્લિયામેંટ કાર્યક્રમ નિહાળવા માટે પ્રેરણા આપી હતી કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે ગુજરાત સરકારના ઉચ્ચશિક્ષણની કચેરીના અધિક કમિશનર નારાયણ ભાઈ માધુ હાજર રહ્યા હતા અને વિધાર્થીઓને નવા ભારત અને આત્મ નિર્ભર ભારતના નિર્માણ કેવી રીતે થઈ શકશે અને તેમાં યુવાનોની કઈ ભૂમિકા હશે તે વિષય પોતાના વિચાર પ્રકટ કર્યા હતા વક્તા તરીકે શ્વેતાબેન દેવાંગભાઈ રાવલે સ્વામિ વિવેકાનંદના વિચારો કેવી રીતે અમેરિકા જેવા દેશોના યુવાઓ અને બાળકોમાં તેમની કામ કરવાની પ્રમાણિકતામાં દેખાય છે અને દુનિયાના લોકો પણ સ્વામી વિવેકાનંદજીના જીવનમાથી પ્રેરણા લઈ પોતાના જીવનને રાષ્ટ્રએનડબલ્યુ સમર્પિત કરી દે છે તે વિષય વાત કરી હતી જયારે રજનીભાઈ ભટ્ટે સ્વામી વિવેકાનંદજીના સંપૂર્ણ જીવનની એક ઝાંકી આપી હતી અને તેમના જીવનના ઘણા બધા પ્રેરક પ્રસંગોની વાત કરી યુવાનોને આ પ્રસંગો દ્વારા જીવનમાં બોધ પાઠ લેવાના સંકલ્પની વાત કરી હતી જયારે પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્ય શ્રી તેજસ ભાઈ ઠાકરે સ્વામી વિવેકાનંદના સાહસ, કઠોર પરિશ્રમ, મજબૂત આત્મ વિશ્વાસ, તેમની યાદ શકિત અને બુદ્ધિમતા જેવી શક્તિઓની ચર્ચા કરી હતી અને આ ગુણો અને શક્તિઓને યુવાનો પોતાના જીવનમાં કેવી રીતે પ્રાપ્ત કરી શકે છે તે વિષય સમજણ આપી હતી કાર્યક્રમની આભાર વિધિ ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા સાહેબે આપી હતી જયારે સમ્પૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું




# સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર ખાતે રેડક્રોસ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ






ગાંધીનગર, તા. ૧૯

સરકારી વાણિજ કોલેજ સેક્ટર-૧૫, ગાંધીનગર દ્વારા તા-૧૯-૦૧-૨૦૨૧ ના રોજ કોલેજ ખાતે ગાંધીનગર જીલ્લા રોડ ક્રોસના સહયોગ થી કલોલ રેડક્રોસ બ્રાંચ દ્વારા બ્લડ ડોનેશનનું આયોજન કરવામાં આવેલ હતું. કોલેજના એન.સી.સી, એન.એસ.એસ તેમજ અન્ય વિદ્યાર્થીઓ દ્વારા રસ પૂર્વક બ્લડ ડોનેટ કરેલ હતુ.

અત્રેની કોલેજ ના બી.કોમ સેમ-૦૪ ના વિદ્યાર્થી શ્રી સંકેત એચ.જોબનપુત્રા અને તેમના પિતા હષમુખભાઈ જોબનપુત્રા કે જેઓ ગાંધીનગર કોર્ટમાં એડીસ્નલ રજીસ્ટ્રાર તરીકે સેવા બજાવે છે તેઓ એ પણ પોતાના પુત્રના રક્તદાન માટે પ્રોત્સાહિત કરવા સાથે રક્તદાન કરી સમાજ માં એક દાખલો રજુ કર્યો છે. હષમુખભાઈ એ અત્યાર સુધી ૧૦ (દશ) વખત રક્તદાન કર્યુ હતું.

કેમ્પ માટે ગાંધીનગર જીલ્લા રેડ ક્રોસ ના સહયોગ થી કલોલ રેડક્રોસ બ્રાંચ દ્વારા રક્ત એકત્રીત કરવામાં આવ્યુ હતુ. જીલ્લા રેડ ક્રોસ તરફથી અશ્વિંનભાઈ દવે તથા એમ.એમ.સોલંકી હાજર હતા. કલોલ રેડક્રોસ નાં દિલીપભાઈ દવે ની ટીમ દ્વારા રક્ત લેવામાં આવ્યુ હતુ.

કોલેજ ના એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર ડૉ.બીપીન.એસ.ખાંટ તથા એ.એન.ઓ એન.સી.સી લેફ્ટનન્ટ ડૉ.આર.એમ.ચૌહાણ આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા વિદ્યાર્થીઓને બ્લડ ડોનેશન અંગે સમજદારી આપી પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના વર્ગ-૦૪ ના કર્મચારીશ્રી દીનેશભાઈ પરમાર તેમજ દીનેશભાઈ વાઘેલા આ કાર્યક્રમ માટે જરૂરી સુવીધાઓ માટે મહેનત કરેલ.


કોલેજ ના આચાર્યશ્રી ડૉ.એ.એન.સુતરીયા એ ભવિષ્યમાં આજ પ્રકારે કોલેજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવશે અને વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ આ ઉમદા કાર્ય માં જોડાય તે માટે સૌને અનુરોધ કરેલ અને સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# એસ.વી. સ્કૂલમાં બાળકો અને મમ્મીઓ માટે યોજાઈ 'સૂપ મેકિંગ એક્ટિવિટી'

ગાંધીનગર, તા. ૧૯


સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રિ-સ્કૂલમાં ઓનલાઈન 'સૂપ મેકિંગ એક્ટિવિટી' યોજાઈ ગઈ. આજના જમાનામાં બાળકો પેપ્સી અને કોલા જેવા પીણાં તરફ આકર્ષાઈ રહ્યા છે, ત્યારે તેમને પૌષ્ટિક અને કુદરતી તત્વોથી ભરપૂર એવા સૂપનું મહત્વ સમજાય, તે આશયથી શાળા દ્વારા આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો, જેમાં જુનિયર અને સિનિયર કે. જી. ના બાળકોની મમ્મીઓએ બાળકોની સાથે મળીને ટોમેટો સૂપ, સ્વીટ કોર્ન સૂપ , સ્પિનચ સૂપ, મિક્સ વેજ સૂપ , લેમન જિંજર સૂપ, લેમન કોરિએન્ડર સૂપ, હોટ એન્ડ સૌર સૂપ, મનચાઉ સૂપ જેવા વિવિધ પ્રકારના સૂપ બનાવ્યા હતા.

શિક્ષિકાઓએ બાળકોને આ તમામ સૂપ પીવાથી શું લાભ થાય છે, તે સમજાવ્યું હતું. બાળકોએ પણ સૂપ બનાવવામાં કઈ વસ્તુનો ઉપયોગ કર્યો છે, તેનું વર્ણન કર્યું હતું, શિયાળાની ઠંડી ઠંડી ઋતુમાં આ ગરમ ગરમ પૌષ્ટિક સૂપ પીવાની મોજ માણી હતી અને પોતાના શિક્ષિકાઓને દરરોજ સૂપ પીવાનું વચન આપ્યું હતું. આ સેલિબ્રેશનમાં મમ્મીઓનો ઉત્સાહ અને યોગદાન નોંધપાત્ર રહ્યાં હતાં, જે માટે શાળા પરિવાર વતી તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.









# શહીદ દિન-૩૦મી જાન્યુઆરી : શહીદો પ્રત્યેનું ઋણ અદા કરવાનો અવસર

### ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ સમગ્ર દેશમાં શહીદોની યાદમાં બે મિનિટનું મૌન પળાશે : શહીદો પ્રત્યે શ્રદ્ધા-સન્માનની ભાવના જાગૃત થાય તે માટે સહકાર આપવા અપીલ

ગાંધીનગર તા. ૧૯

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૧ને શનિવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદવીરોને માન અર્પણ કરાશે. સમગ્ર દેશમાં શકય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

ગુરૂવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જયાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી મૌન પાળે, જયાં શકય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે. આકાશવાણી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શકય હોય ત્યાં સુધી થોભે તે જોવા વિનંતી કરવામાં આવી છે. સાથે સાથે ૧૧.૦૦ વાગે ઉપડતી ટ્રેનો અને વિમાનોને તેમના મથકે બે મિનિટ માટે થોભે તે માટે જોવા પણ વિનંતી કરાઈ છે. મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરતા આદેશો તમામ સંબંધિત કચેરીઓએ બહાર પાડવાના રહેશે.

# શ્રીરામ મંદિર અયોધ્યા નિર્માણ નિધિ ફંડ ગ્રહણ વિધિમાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના સંતોના હસ્તે સ્વીકાર

ગાંધીનગર, તા. ૧૯

અયોધ્યામાં નિર્માણ પામનારા ભવ્ય રામ મંદિર માટેની 'નિધિ સમર્પણ અભિયાન'નો શુક્રવારથી શરૂ થયો છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે સૌથી પહેલા સમર્પણ નિધિ આપ્યું છે. આ અભિયાનની શરૂઆત થતા ૫ લાખ ૧૦૦ રૂપિયાનું તેમણે દાન કર્યું છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ, વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું એક પ્રતિનિધિમંડળ દાન માંગવા તેમની પાસે પહોંચ્યું હતું. ત્યારે હવે ગુજરાતમાં પણ નિધિ સમર્પણ અભિયાન હેઠળ દાનની સરવણી વહેતી થઈ છે. મહત્વનું છે કે, રામ મંદિર માટે ભંડોળ એકત્ર કરવાની ઝુંબેશ શરૂ થઈ છે. આ અભિયાન અંતર્ગત પાંચ લાખથી વધુ ગામના ૧૨ કરોડથી વધુ પરિવારોનો સંપર્ક કરવામાં આવશે. મંદિર નિર્માણ માટે ભંડોળ ઊભું કરવાનું કામ ૨૭ ફેબ્રુઆરી સુધી ચાલશે. આ અભિયાન અંતર્ગત વિશ્વ હિન્દુ પરિષદને રામ મંદિર નિર્માણ માટે લોકોનું સમર્પણ અને સમર્થન મળશે. આ સમય દરમિયાન ૧૦ રૂપિયા, ૧૦૦, ૧૦૦૦ રૂપિયાના કુપન્સ હશે. તે જ સમયે, ૨,૦૦૦થી વધુ સહકારીઓને એક રસીદ આપવામાં આવશે. આ દાન દ્વારા અયોધ્યામાં શ્રી રામનું ભવ્ય મંદિર બનાવવામાં આવશે.

અમદાવાદ વિશ્વ હિન્દુ પરિષદ - ડો. હેડગેવાર ભુવન, કર્ણાવતીના કાર્યાલય ખાતે યોજાયેલા નિધિ સમર્પણ સમારોહમાં મહંત સદ્‌ગુરુ શ્રી ભગવતી પ્રિયદાસજી સ્વામીએ શ્રી રામ મંદિર નિધિ સમર્પણ સમિતિમાં નિધિ અર્પણ કરીને દાતાઓને ઉદાર હાથે દાન કરવા અપીલ કરી હતી.

અયોધ્યા ખાતે ભવ્ય રામમંદિરનું નિર્માણ થઈ રહ્યું છે, ત્યારે આ રામ મંદિરના નિર્માણમાં તમામ દેશવાસીઓ પોતાનું યોગદાન આપે તેવા આશયથી શ્રી રામ મંદિર નિધિ સમર્પણ સમિતિ અમદાવાદ જિલ્લા દ્વારા ફંડ એકત્ર કરવાની કામગીરીનો પ્રારંભ થયો છે. આ માટે અમદાવાદના વિસ્તારમાં આવેલ ડૉ. હેડગેવાર ભવન ખાતે નિધિ સમર્પણ કાર્યક્રમ યોજાયો હતો. અયોધ્યામાં રામ જન્મભૂમિ સ્થળે ભવ્ય રામમંદિરનું નિર્માણ થવાનું છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અનેક સંતો-મહંતોની ઉપસ્થિતિમાં મંદિરનો શિલાન્યાસ કરાયો હતો, ત્યારે ભવ્ય મંદિરના નિર્માણમાં દેશના તમામ લોકો પોતાનું યોગદાન આપે તે આશયથી રામ મંદિર નિધિ સમર્પણ સમિતિ દ્વારા ફંડ એકત્રિત કરવાનું આયોજન હાથ ધરાયું છે. જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ સહિતની અનેક ધાર્મિક સંસ્થાઓ દ્વારા આ ભગીરથ કાર્યનો પ્રારંભ થયો છે. જેમાં ડો. હેડગેવાર ભુવન, કર્ણાવતી ખાતે આજરોજ મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પૂજનીય સંતો મહંત સદગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી, શ્રી ગુરુપ્રિયદાસજી સ્વામી તથા આર.એસ.એસના રૂપેશભાઈ પંડ્યા, વિશ્વ હિન્દુ પરિષદ - મણિનગર જિલ્લા અભિયાન પ્રમુખ; શ્યામભાઈ જાલન - મણિનગર જિલ્લા અભિયાન વાલી વગેરેની ઉપસ્થિતિમાં આ કાર્યનો પ્રારંભ થયો હતો.



# જે.સી.આઈ. પ્રાઈમ બીલીમોરાનો એવોર્ડ બેંકવેટ અને ઈન્સ્ટોલેશન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૯

જે.સી.આઈ. બીલીમોરા પ્રાઈમનો એવોર્ડસ બેંકવેટ અને ઈન્સ્ટોલેશન સેરેમનીનો કાર્યક્રમ સેફ્રોન હોટલ હોલ, ચીખલી ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૯-૨૦ ના જે.સી.આઈ. બીલીમોરા પ્રાઈમના પ્રમુખ જેસી ડો.અર્ચના મુકેશ મહેતાએ ૨૦૧૯-૨૦ વર્ષ દરમિયાની ઉત્કૃષ્ટ કામગીરીનો અહેવાલ રજુ કર્યો હતો. વર્ષ ૨૦૨૧ માટે જેસીઆઈ બીલીમોરા પ્રાઈમના નવા નિયુક્ત પ્રમુખ જેસી નિરલ પટેલે નવા પ્રમુખ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. કાર્યક્રમમાં પધારેલા




મુખ્ય મહેમાન એવા સુપ્રિટેન્ડન્ટ ઓફ સીજીએસટી અને સેન્ટ્રલ એક્સાઈઝ નવસારી ખાતેના શ્રી પ્રશાંત દેસાઈએ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વલસાડથી પધારેલ કીનોટ સ્પીકર પાસ્ટ ઝોન ઓફિસર જેસી જિજ્ઞેશ પટેલે જેસીઆઈ સંસ્થા અને તેની આસ્થાનું મહત્વ સમજાવ્યુ હતુ. તથા અંકલેશ્વરથી પધારેલ ઝેડવીપી જેસી ચિત્રાંગ સાવલિયાએ નવા પ્રમુખને શપથ લેવડાવ્યા હતા. અને જેસીઆઈની આવનાર ઈવેન્ટસનો ચિતાર રજુ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફાઉન્ડર પ્રેસિડન્ટ જેસી સરજુ એન્જિનિયર, પાસ્ટ પ્રેસિડન્ટસ જેસી પ્રશાંત પટેલ તથા જેસી દર્શના પટેલે કર્યુ હતુ. બીલીમોરા પ્રાઈમના સેક્રેટરી જેસી ભાવિન સાલુંકેએ આભારવિધિ કરી ઉપસ્થિત સૌ કોઈનો આભાર માન્યો હતો.

# વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં પ્રેરણાસ્ત્રોત એવા સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૯

આપણે આજે પ્રગતિના શિખરો સર કરી રહ્યા છીએ સાથે સાથે પુરા વિશ્વમાં સનાતન ધર્મ, વેદો અને શાસ્ત્રોમાં ખૂબ પ્રસિદ્ધિ મેળવી, વિશ્વ માં મહાન સત્કાર્યો કરી મહાન ક્રાંતિ નો ડંકો વગાડનાર અને સમગ્ર જગતને શાંતિ અને ભાઈચારાનો સંદેશો આપનાર એવા શ્રીસ્વામી વિવેકાનંદજી ને કેમ ભૂલી શકીએ?




૧૨ મી જાન્યુઆરી એ 'રાષ્ટ્રીય યુવા દિવસ' એટલે કે 'શ્રી સ્વામી વિવેકાનંદ જયંતિ' તરીકે આપણે ઉજવીએ છીએ. વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ ના બાળકોને સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્ર તથા તેઓશ્રીએ કરેલા મહાન કાર્યો ની ઝાંખી કરાવવા માટે શાળાના બાળકોને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિવેકાનંદના જીવન અને કવન વિશે સમજાવવામાં આવ્યું હતું. તેઓશ્રીના પ્રેરણાદાયી વિચારો બાળકો તેમના જીવનમાં અનુસરે તે હેતુથી સ્કૂલ ફેકલ્ટીઝ દ્વારા તેઓશ્રીના ઉત્તમ વિચારો નું આચરણ કરવા માટે બાળકોને જણાવવામાં આવ્યું હતું. અને વિદ્યાર્થીઓએ પણ સ્વામી વિવેકાનંદ વિશે સ્પીચ આપી અને તેમના સુવિચારો રજૂ કર્યા હતા.

# સ્વામિનારાયણ ગુરુકુલ સ્કૂલના શિક્ષકને ટ્રાન્સફોર્મિંગ એજ્યુકેશન એવોર્ડ થકી સન્માનિત કરાયા

ગાંધીનગર તા. ૧૯

શહેરની શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય સ્કૂલના શિક્ષક શ્રી વિકીરાજ પંડ્યાને એક શિક્ષક તરીકેની કામગીરીને ધ્યાનમાં રાખી ઉત્તમ શિક્ષકોમાં સામેલ કરાતા ટ્રાન્સફોર્મિંગ એજ્યુકેશન એવોર્ડ થકી સન્માનિત કરવામાં આવ્યાં. તેમની કામગીરીમાં તેમને અવનવી પ્રવૃત્તિઓ અને આધુનિક ટેકનોલોજી થકી વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું તેમજ સમાજલક્ષી, જીવનલક્ષી પણ શિક્ષણ પુરુ પાડ્યું તેમજ ઉત્તર ગુજરાતનાં અન્ય સ્થળો પર સ્કાઉટ ગાઈડ, વૃક્ષોનું વાવેતર, અન્ય પ્રવૃત્તિઓ પણ શીખવી, વધુમાં જણાવ્યું કે કોરોનાની મહામારી વચ્ચે કદાચ ગાંધીનગરની સૌપ્રથમ સ્કૂલ એવી હશે જે લોકડાઉન જેવી પરિસ્થિતિમાં પણ વિદ્યાર્થીઓને ઝૂમ એપ પરથી ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યુ હતુ જેથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર માઠી અસર ન પડે, તેમજ ગુરુકુલ સ્કૂલના ડાયરેક્ટર શ્રી ઉમંગભાઈ વસાણી તેમજ પ્રિન્સીપાલ શ્રી તેમજ સમગ્ર ગુરુકુલ પરિવારનો આ એવોર્ડ માટે આભાર વ્યક્ત કરૂ છું કે જેમને મને દરેક સમયે પ્રોત્સાહન પુરું પાડ્યું છે.



આર એન પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા ઓનલાઈન પતંગ બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં કુલ ૭૭ વિદ્યાર્થીઓએ જુદા જુદા રંગીન અને અવનવા કાગળમાંથી પતંગ બનાવ્યા હતા. આ પ્રવૃત્તિનું આયોજન સાહિલભાઈ લખવારા દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



ખ્યાતિ સુમિત વ્યાસ



મીના એચ ત્રિવેદી
પાસ્ટ પ્રેસીડેન્ટ, લાયોનેસ કલબ
મો. ૯૪૨૬૬ ૩૭૧૦૨



ફાલ્ગુની ગોવડા
લાયોનેસ કલબ



પારૂલબેન દવે
બ્રહ્મસમાજ મહિલા પાંખ



કનુભાઈ આર વોરા
ટ્રસ્ટી, વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ



ક્રિષ્ના એમ દેવમોરારી



માસ્ક પહેરો...
સ્વસ્થ રહો...